नामांक Roll No.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

No. of Questions — 17

No. of Printed Pages — 7

# SS—24—Gujarati Sah.

# उच्च माध्यमिक परीक्षा, 2014

# SENIOR SECONDARY EXAMINATION, 2014

# गुजराती साहित्य

**समय : 3 $\frac{1}{4}$ घण्टे**

**पूर्णांक : 80**

પરીક્ષાર્થીઓ માટેના સામાન્ય નિર્દેશ :

1. પરીક્ષાર્થી સૌ પ્રથમ પ્રશ્નપત્ર પર, પોતાનો નામાંક જરૂરથી લખે.

2. દરેક પ્રશ્ન કરવા ફરજીયાત છે.

3. પ્રત્યેક પ્રશ્નનો જવાબ આપેલી જવાબ પુસ્તિકામાં જ લખો.

4. જે પ્રશ્નોમાં આન્તરીક ખંડ છે, તે દરેકના ઉત્તર એક સાથે જ લખો.

5. પ્રત્યેક પ્રશ્નમાં માંગ્યા અનુસાર ઉત્તર આપવાના છે.

6. પ્રત્યેક પ્રશ્નનો જવાબ ગુજરાતી ભાષામાં લખવાનો છે.

1. નીચે આપેલા ગદ્યખંડને વાંચી તેના પ્રશ્નોના જવાબ લખો :

ગદ્યખંડ :

'શિસ્તના બે પ્રકાર છે સ્વયંશિસ્ત અને ફરજીયાત શિસ્ત' સોટી વાગે ચમચમ અને વિદ્યા આવે ધમ ધમ એ નિયમ મુજબ વિદ્યાર્થીઆ પર ફરજિયાત શિસ્ત લાદવામાં આવે છે. પરતું આ જમાનામાં આ શિસ્ત કામની નથી. સ્વયંશિસ્ત કે સ્વૈચ્છિક શિસ્તના વાતાવરણમાં જ બાળકો નો સાચો વિકાસ થઇ શકે છે. ફરજિયાત પળાતી શિસ્તમાં ભય હોય છે. સ્વયં શિસ્તમાં ભયને કોઈ સ્થાન હોતું નથી. વિદ્યાર્થીઓ કે વ્યકિતઓ જાતે જ સમજી વિચારીને શિસ્તની ભાવના કેળવ છે. આપણાંમાં શિસ્તની ભાવના હશે તો અમેરિકા જેવા દેશની જેમ આપણા દેશની પણ પ્રગતિ થઇ શકશે. શિસ્તના અભાવે અનેક સમસ્યા ઉભી થાય છે. શાળાઓમાં વિદ્યાર્થીઓની અનિયમિતતા, ઘોંઘાટ, માલ-મિલ્કતનું નુકસાન, હડતાલ, મારામારી વગેરે ગેરશિસ્તનાં જ પરિણામ છે. શિસ્તને સદવ્યવહાર સાથે જ ગાઢ સબંધ છે. જ્યાં વિનય, વિવેક અને જવાબદારીની ભાવના છે ત્યાં શિસ્ત જળવાય છે.

(1) શિસ્તના બે પ્રકાર કયા છે ? 2

(2) બાળકોનો વિકાસ કેવી રીતે થઈ શકે છે ? 2

(3) કોના ઉપર શિસ્ત લાદવામાં આવે છે ? એ બરાબર છે ? 2

(4) ગેર શિસ્તના પરિણામો ક્યા ક્યા છે ? 2

(5) શિસ્ત ક્યાં જળવાઈ રહે છે ? 2

2. નીચે આપેલા વિષયોમાંથી કોઈપણ એક વિષય પર 250 થી 300 શબ્દોમાં ગુજરાતીમાં નિબંધ લખો. 10

(1) મારી યાદગાર યાત્રા

(2) જીવનમાં હાસ્યનું મહત્વ

(3) મે જોયેલો એક અકસ્માત

(4) દિવાળી ઉત્સવથી જીવનમાં પ્રકાશ.

3. નીચે આપેલા મુદાઓને આધારે વાર્તા લખી યોગ્ય શિર્ષક આપો

વાર્તા ના મુદા

કંકુડી અને કાનિયો નામના મજુર – પતિ-પત્ની – મજુરી કરી પેટ ભરવું – વરસાદ – અતિવૃષ્ટિ – ભૂખ મરવું – શેઠનુ ધન મળવું – પ્રમાણિકતાથી પાછુ દેવુ – ઉપસહાંર 5

4. તમારે વિદ્યાલય તરફથી સાત દિવસના શૈક્ષણિક ભ્રમણ યાત્રા પ્રવાસ માટે ૨૦૦૦ રૂપિયા મગાંવતો પત્ર પિતાજીને લખો. 5

5. ઉત્પ્રેક્ષા અલંકારની ઉદાહરણ સહિત વ્યાખ્યા લખો. 2

6. તત્પુરુષ સમાસની વ્યાખ્યા સદ્રૃષ્ટાંત લખો 2

7. રૂઢિપ્રયોગના અર્થ આપી વાક્ય પ્રયોગ કરો : 2

(1) આસમાન તૂટી પડવું

(2) નાક કપાઈ જવું

8. માંગ્યા પ્રમાણે જવાબ આપો.

(1) નીચે આપેલા વાક્યને ભૂતકાળમાં ફેરવો 1

– સચિન તેંડુલકર ભારતની ક્રિકેટ ટીમના કપ્તાન છે.

(2) નીચે આપેલા વાક્યને વર્તમાન કાળમાં ફેરવો. 1

– આવતી કાલે વરસાદ પડશે.

(3) નીચેના વાક્યોને યોગ્ય પદક્રમમાં ફેરવો.

i) મનુષ્યને શું પ્રાર્થના આપે છે ? 1

ii) બળદો વહેલના હતા કેવા ? 1

(4) સંધિ છોડો : 1

i) દીપોત્સવ

ii) જગદીશ.

9. 'અટળક ઢળિયો રે શામળિયો' કાવ્યનો ભાવાર્થ લખો : 4

10. નીચેની કાવ્યપંક્તિ સમજાવો : 3

વરસ્યો જઈને વાડ મેહુલિયો શા કામનો ?

મોટો લાગ્યો તાડ, ઢાંકે નહી નિજ પંડ ને.

11. નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં લખો. 8

(1) 'કુવરબાઈનું મામેરુ' કાવ્યના આધારે નરસિંહની વહેલના બળદો કેવા હતા તે બતાવો.

(2) કવિ દિવસ અસ્ત થવાં પહેલાં શું શું કરવાનું કહે છે ?

(3) 'મને એજ સમજાતું નથી' કાવ્યમાં કવિને શું શું નથી સમજાતું ?

(4) 'મેહુલો ગાજે ને માધવ નાચે' કાવ્યનો સંક્ષિપ્તમાં ધ્વનિ લખો.

12. નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર આપો. 4

(1) કાંચન અને ગેરુ પાઠના આધારે આનંદ નું પાત્રા લેખન કરો.

(2) મુખ્ય ગ્રહો કયા કયા છે ?

13. નીચેના પ્રશ્નાના મુદાસર જ્વાબ આપો. 8

(1) નોકરનું પહેલું કામ કયું કયું હતું ?

(2) આનંદ અને જ્યંત વચ્ચે કઈ બાબતની સ્પર્ધા હતી. તેમાં સફળતા મેળવવા બન્નેનો કયો કયો માર્ગ હતો ?

14. અર્વાચીન ગુજરાતોના કોઈપણ પાંચ સાહિત્યકાર અને સાહિત્ય સ્વરૂપનું નામ લખો. 3

15. નરસિંહ મહેતાના જીવન અને સાહિત્ય વિશે લખો. 3

16. 'જનની' કાવ્યના આધારે માતાની મહત્તા પર ટૂંક નોંધ લખો. 3

17. 'નીચે ભાગ 'અ' માં કૃતિ અને ભાગ 'બ' માં કર્તાનું નામ છે તે જોડીને યોગ્ય રીતે લખો. 3

| <u>કૃતિ - અ</u> | | <u>કર્તા - બ</u> |
|---|---|---|
| કાચન અને ગેરું | – | ગુલાબદાસ બ્રોકર |
| માજીનો પ્યાલો | – | રમણલાલ. વી. દેસાઈ |
| દિવાળીમાં નોકર ગયો | – | ચિનુભાઈ પટવા. |